વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## જ્ઞાનવૈભવધારી સાતિશય શ્રુતજ્ઞાનના ધણી ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર ચૈતન્યરત્ન પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૧૦મા મંગલકારી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે શત શત વંદન



ભગવતીમાતા પૂ. બહેનશ્રી ચંપાબેન

(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૦૮, વર્ષ–૨૫, ઑગસ્ટ–૨૦૨૩

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શિષ્યરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સંબંધિત પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગારો!!





બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર-ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા-પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય-વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છેઃ તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે. .... જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.

*

૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેન) વૃત્તિ નથી ઊઠતી-પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત ! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ. ....એમનો આત્મા કેટલો ગંભીર ! અલૌકિક ! અચિંત્ય ! અદ્‌ભુત !- શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

*

બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષોનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે.

*

બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યકદર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

*

આજ બેનનો જન્મદિન છે ને!.... બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

*

બેન (ચંપાબેન) ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા-નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.



*

ઓહો ! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન ! ....બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે...હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જય જયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે.

*

....બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. .... અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

*

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

*

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

*

બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

*

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું-) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન

જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું- વાંચ્યું) ને રામજીભાઈને કહ્યુંઃ ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

*

(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ' ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે-અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

*



આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઈન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે, આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

*

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

*

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયામાં).

*

આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

*

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના.

આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણ જ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

*

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.



*

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*

વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે– 'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (-ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

*

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતી સ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યારસુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે – છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી – દિવ્ય ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

*

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં–આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી – બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે.....અરે! એમાં તો

તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! – 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

*

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

*

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે.....સ્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે. – આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

*

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને(બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

*

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દ્રષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

*

બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે – ૯ ભવનું જ્ઞાન છે(–૪ ભૂતના,૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં....

*

**('ધન્ય અવતાર' માંથી સાભાર)**

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ'** (ઑગસ્ટ-૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
શ્રીમતી કૃપાલીબહેન પિયુષભાઈ ભાયાણી, કોલકાતા
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# પરમ પૂજ્ય ભગવતીમાતા પ્રત્યે પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્ગારો





ગુરુની ભક્તિ કેવી રીતે પ્રગટે? જેને ભક્તિના ભાવ ન પ્રગટતા હોય એને બહેનશ્રીની વાણીનો લાભ લેવો. કેમકે એ ભક્તિ કરતા કરતા જ્ઞાની થયા અને જ્ઞાની થયા પછી પણ કોઈ અવર્ણનીય ભક્તિ એમણે કરી છે. એટલે જે મુમુક્ષુને પોતાની દશામાં ભક્તિની ખામી હોય એવું લાગતું હોય તેને આ વચનો ઉપકારભૂત છે.

*

પૂજ્ય બહેનશ્રીએ છેલ્લા દિવસોમાં પોતાની એક અંગત વાત આ પ્રકારે વ્યક્ત કરી હતી કે, અત્યારે આ ભવમાં આ પર્યાયમાં ચારિત્ર દશાની પરિસ્થિતિ નથી પણ અંતર સાધનાનો પ્રકાર એવો ઉગ્ર છે કે, આ સ્થિતિમાં પણ રહ્યા રહ્યા અચારિત્રભાવો જે છે એના મૂળિયા ખલાસ કરું છું.

*

'બહેનશ્રીનાં વચનામૃત'ની વિશિષ્ટતા છે કે, અનેક જગ્યાએ મુમુક્ષુઓને એવું માર્ગદર્શન આપ્યું છે કે, આ પરિણામ હોય અને તારું કાર્ય ન થાય એ વાત જ નથી. કેમકે પોતે પોતાના અનુભવથી વાત કરી છે.

*

બહેનશ્રી પોતે ભક્તિપ્રધાન પરિણમનવાળા હતા. જ્ઞાની મહાત્મા તો હતા, લબ્ધિધારી તો હતા પણ ભક્તિ-પ્રધાનતા ઘણી હતી. જ્ઞાન પ્રધાનતામાં બહુ નહિ જતા. જ્ઞાન ઘણું હતું પણ ભક્તિ-પ્રધાનતા બહુ હતી. એમના વચનોમાં વાતે વાતે એ વાત આવવાની.

*

ગુરુદેવના મહાપ્રયાણ પછી પૂજ્ય બહેનશ્રી એકવાર એવી રીતે બોલ્યા હતા કે, પર્યાયફેર છે નહીંતર તો જંગલમાં ચાલ્યા જઈએ. એમને સત્સંગનો એક મોટો આધાર હતો

– ગુરુદેવ. ઘણો વૈરાગ્ય હતો, વૈરાગ્ય વિશેષ હતો. વૈરાગ્યમાં એ વાત કહેતા હતા, શું કરીએ, પર્યાયફેર છે, નહીંતર જંગલમાં ચાલ્યા જઈએ, નીકળી પડીએ અહીંથી. એટલે કે આત્માનું સાધન કરીએ. એનો અર્થ ઈ છે કે અંતરમાં લીન થઈને આત્માનું અહોરાત્ર – દિવસ-રાત આત્મસાધન કરીએ અને બીજું કાંઈ ન કરીએ, એવું જોર છે એની પાછળ. એ કથન પાછળ જે જોર છે, એવું જોર છે અને એ જ મુમુક્ષુજીવને ઉપદેશનો વિષય છે કે કરવા યોગ્ય તો આ જ પ્રકાર છે.

*

પૂજ્ય બહેનશ્રી ચર્ચા કરે છે ત્યારે કોઈવાર કહે છે કે, ગુરુદેવના પ્રવચનો સાંભળતા અપૂર્વ અપૂર્વ લાગ્યા કરતું. એમણે તો વર્ષો સુધી પ્રવચનો સાંભળ્યા, પિસ્તાલીસ વર્ષ સાંભળ્યા. હવે એની એ વાત તો ઘણીવાર આવતી હોય, કંઈ બધી વાત કલાકે કલાક નવી જ આવે એવું કંઈ બને? તેની તે વાત ઘણીવાર આવતી હોય પણ અપૂર્વ કેમ લાગે છે? કે, અપૂર્વ તત્ત્વ જે આત્મા, તેનો ભાવ એમાં દેખાય છે. એ વચનમાં એ ભાવ દેખાય છે. બસ! પછી મહિમા આવે જ, મહિમા કરવો પડતો નથી.

*

ગુરુદેવની પ્રવચન-સભામાં પૂજ્ય બહેનશ્રી બિરાજમાન હતા તો ભાવો, જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો નીકળ્યા છે, અધ્યાત્મના ઊંચા ભાવો નીકળ્યા છે, એ કોઈ નહોતા સમજતા એની સામે જોઈને નથી નીકળ્યા. જે સમજ્યા છે, જે ગ્રહણ કરી શકે છે, જે પકડી શકે છે એને કારણે નીકળે છે. તીર્થંકરની સભામાં ગણધરની હાજરીથી એ વાત નીકળે છે. એ પ્રકાર હતો તો એનો લાભ બીજાને મળે છે એ એમનો ઉપકાર ગણાય છે. ગણધરનો ઉપકાર ગણાય છે કે તમે હતા તો અમને લાભ મળ્યો, નહીંતર તો વાણી જ ન છૂટી હોત. (પૂજ્ય ગુરુદેવશ્રીની) અત્યારે જે વાણી ઉપલબ્ધ છે એનું કારણ એ છે. એમનો ઉપકાર છે. (એ) ઝીલનાર હતા તો અંદરથી ભાવ નીકળતા હતા.

*

પૂજ્ય બહેનશ્રીના વિષયમાં એવું સાંભળેલું કે એમનો પ્રવેશ પણ બહુ જોરથી થયેલો. એ ભૂમિકામાં પણ બહુ શરૂઆતમાં બહુ નજીક નજીકના અંતરાળમાં કેટલીવાર નિર્વિકલ્પ દશા આવતી હતી. એ તો એમના પત્રમાં આવે છે, અભિનંદન ગ્રંથમાં એ વિષય આવ્યો છે. એ જ બતાવે છે કે ઘણી ઉગ્ર દશા હતી, પ્રવેશ જ બહુ ઉગ્ર હતો. એ વખતે બીજા આગમો બહુ નહિ વાંચેલા, ઉંમર નાની, બીજા આગમો-દિગંબર આગમોનો પરિચય નહિ. (એ વખતે કહેતા), 'હવે તો આ ઉપયોગ જે અંદર જાય છે તે કેવળજ્ઞાન લઈને જ બહાર નીકળે એવું જ કરવું છે.' આ પંચમકાળ છે, સ્ત્રીદેહ છે, બધું ભૂલી જાય છે. એવો જોરથી ઉપયોગ અંદર જાય, સ્થિર થાય, કેવળજ્ઞાન લેશું હવે તો. એવું જોર આવે.

*

પૂજ્ય બહેનશ્રીનું દ્રષ્ટાંત બહુ સમર્થ છે. આપણા માટે જીવંત દ્રષ્ટાંત છે. પંદર વર્ષની ઉંમરે સત્સંગનો જ માત્ર એમણે વિવેક કર્યો છે. એ વખતે આત્મજ્ઞાન નહોતું. એ વખતે બીજી કોઈ ઊંડી ધાર્મિક સમજણ નહોતી. ફક્ત નાની ઉંમરમાં એટલી સમજણ આવી ગઈ, એટલો વિવેક આવી ગયો કે, મને સત્સંગ હશે તો મારું કલ્યાણ થશે, વગર સત્સંગે કલ્યાણ નહિ થાય. તો આખું જીવન સમર્પણ કરવા સુધીનું કદમ ઉઠાવ્યું. બહુ મોટું પગલું ભર્યું કે, આખું જીવન સમર્પણ કરી દીધું. સત્સંગ મળતો હોય તો આખું જીવન બદલવું છે. આ ઘર ન જોઈએ, આ કુટુંબ ન જોઈએ, સાસરાનું કુટુંબ છોડી દીધું. આ શહેર ન જોઈએ, આ પ્રદેશ ન જોઈએ. જ્યાં સત્સંગ નથી ત્યાં કોઈ ભોગે રહેવું નથી. કેટલું સાહસ કર્યું છે એ ઉંમરમાં ! એ પર્યાયમાં જે સાહસ કર્યું છે એ એક એવો દ્રષ્ટાંત છે કે, સત્સંગની શું કિંમત છે, એ વાત જેને સમજાણી છે એનું ફળ એને આવ્યું છે. આ એનું ફળ આવેલું છે, આ આત્મજ્ઞાન છે એ ખરેખર તો એનું ફળ આવેલું છે, જે સહજપણે આવે છે.

*

## 'બહેનશ્રીનાં વચનામૃત'-૨૩૮ પર
## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન (તાઃ ૦૫-૧૨-૧૯૮૭)

**'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોયતો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'**

**- બહેનશ્રીનાં વચનામૃત-૨૩૮**



માર્ગદર્શન આપે છે આમાં. **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** જોયું ? કેવી વાત આવી છે ! તારે પુણ્ય બાંધવું હોય તો, એ પ્રશ્ન નથી અહીંયાં. તારે સ્વર્ગના સુખ ભોગવવા હોય તો, એ વાત નથી. તારે સંસારની સગવડતા અને અનુકૂળતાઓ જોઈતી હોય તો, એ વાત પણ અહીંયાં નથી. કોઈ વાત અહીંયાં નથી. મોટામાં મોટો જે પ્રશ્ન છે જન્મ-મરણનો એની સીધી વાત છે.

આખી દુનિયામાં સર્વ મનુષ્યો આ પ્રશ્ન છોડીને નાની-મોટી પ્રતિકૂળતાઓ દૂર કરવામાં પડ્યા છે. જો કે દરેકને ઉદય પૂર્વ કર્મ અનુસાર છે, પૂર્વે બાંધેલા સંચિત કર્મ અનુસાર છે. એટલે ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ધાર્યું થતું નથી, અને ધાર્યું થતું નથી એટલે સમાધાન થતું નથી. આકુળતા થયા કરે છે. આ પરિસ્થિતિ છે.

જ્યારે જ્ઞાની જન્મ-મરણ ટાળવાના પુરુષાર્થમાં પડેલા છે. કેમકે એક ભવની અંદર જેટલી પ્રતિકૂળતાઓ કે અનુકૂળતાના સંયોગ-વિયોગ ઊભા થાય છે એ બધા તો એક ભવના પેટાની ચીજ છે. એટલે પેટાની રકમો છે એ બધી. મૂળ રકમ તો આખો ભવ છે. તો એ આખો ભવ છે ઈ કેમ ટળે એ મુખ્ય પ્રશ્ન છે, મોટો પ્રશ્ન છે. અને એ મોટો પ્રશ્ન હલ કરવા માટેનો આ વિષય ચાલે છે. નાની મોટી પ્રતિકૂળતાઓ દૂર કરવા પાપના ઉદયો ઠેલવીને પુણ્ય કરીને, પુણ્ય કમાઈને એ બધું કરવા આખી જીંદગી ગુમાવે છે. એ પણ અહીંયાં વિષય જ નથી. અહીંયાં એ માર્ગ લીધો જ નથી. એ માર્ગ જ નથી એમ કહે છે. જિનમાર્ગ તો ભવભ્રમણ ટાળવા માટેનો જિન પરમેશ્વરનો માર્ગ છે. પુણ્ય બાંધવાનો ને અનુકૂળતાઓ મેળવવાનો ને સ્વર્ગ મેળવવાનો એ કોઈ જૈનમાર્ગ નથી. એ બધા અન્ય માર્ગો છે. એના માટે બધા અન્ય માર્ગો, અન્ય મતો લીધા, અન્ય ધર્મો લીધા.

એટલે અહીંયાં પહેલી વાત એ લીધી છે કે **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો...'** કેટલીક વાર ચર્ચાઓ ચાલે છે ત્યારે એ ચર્ચાનો વિષય લેવો પડે છે. કે કોઈપણ માણસનું જીવન જોઈએ છીએ આપણે તો એના મોટા ભાગનો સમય આઠ કલાક, દસ કલાક તો એનો આર્થિક પ્રયોજન પાછળ જાય છે. એ આર્થિક પ્રયોજન પાછળ જાય છે એનો અર્થ કહો કે નાની-મોટી બધા પ્રકારની અનુકૂળતાઓ મળી રહે એના માટે જાય છે. છતાં મળે છે પૂર્વ કર્મ અનુસાર. બરાબર ? કેમકે ઘરમાં બધું હોય ને માંદો હોય તો કાંઈ વાપરી શકે ? ન વાપરી શકે. સફરજન આવ્યા છે ખાશો નહીં. ડોક્ટરે ના પાડી છે.

કોઈપણ ચીજ. તો એ તો ચીજ હોય એટલે એને મળી ગઈ છે એમ પણ નથી. એને પૂર્વ કર્મ અનુસાર જ જે કાળે જેટલો ઉદય એ પ્રમાણે બધો યોગ થાય, એ સિવાય થાય નહીં. આ એનો નિયમ છે. છતાં જીવ આઠ કલાક, દસ કલાક, બાર કલાક એની પાછળ કાઢે છે. અને સૌથી મોટો પ્રશ્ન છે એની પાછળ કેટલો સમય વ્યતિત કરે છે ? એની પાછળ સમય વ્યતિત કરવાનો વિચાર પણ કેટલો બળવાન છે એ હજી વિચારવા જેવો વિષય છે. સમય કાઢવો તો ત્યારપછીની વાત છે. એટલે નાના કામ પાછળ વધારે શક્તિ ને સમય આપવો અને મોટા કામ પાછળ શક્તિ ને સમય ન આપવો એ કેટલી ડહાપણ ભરેલી વાત છે? એમાં કેટલો વિવેક છે? કે કેટલો અવિવેક છે? સમજાવવાની જરૂર રહેતી નથી.

'ગુરુદેવ' તો એમ કહે છે, પ્રવચનોમાં એ વિષય આવે છે કે ભાઈ ! તને આ એક તક મળી છે. તકનો અર્થ થાય છે – થોડો સમય. જેનો સમય થોડો હોય એને તક કહેવાય છે. તો કહે છે કે તને આ તક મળી છે. હવે એ તક મળી છે એમાં આત્મહિત થઈ શકે એવી શક્યતાઓ ઊભી થઈ છે. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર અને આ માર્ગ સમજાવનારા તને મળ્યા છે, કહેનારા મળ્યા છે, તારું ધ્યાન ખેંચનારા મળ્યા છે. હવે માંડ માંડ મળેલો જે થોડો સમય, માંડ માંડ કેમ ? કે અનંતકાળમાં એ મનુષ્યપણું ભાગ્યે જ મળે છે. માંડ માંડ મળેલો એ થોડો સમય એને જો તું અન્ય કાર્યોમાં વેડફી નાખીશ કે ગુમાવી દઈશ તો પછી તારો જે કલ્યાણ કરવાનો સમય છે એ ચાલ્યો જશે. પછી તો ઘોર અંધારું છે. અન્ય ગતિમાં ગયો ત્યાં તો કાંઈ સૂઝ પડવાની નથી. એટલે એ વિષય ઉપર વ્યાખ્યાનમાં ગમે તે વિષય ચાલતો હોય તો દરેક વ્યાખ્યાનની અંદર આ વિષય ઉપર બે ત્રણ વખત ધ્યાન ખેંચતા.. પ્રવચનોની અંદર આ વિષય અવારનવાર આવે છે એનું કારણ આ છે.

**'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** સામાન્ય બુદ્ધિથી જેનું ઓળખવું એટલે કે ગ્રહણ થવું બનતું નથી. જ્ઞાનમાં પકડાવું- ગ્રહણ થવું એ તીક્ષ્ણ બુદ્ધિનો આ વિષય છે. કોઈ એમ કહે કે અમને એવી તીક્ષ્ણ બુદ્ધિ ન હોય તો અમારે શું કરવું ? એ પ્રશ્ન નથી. જ્યાં તારું પ્રયોજન છે ત્યાં તારી બુદ્ધિ તીક્ષ્ણ થયા વિના રહેતી નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છો, તીક્ષ્ણ બુદ્ધિ છે જ. જ્યાં જ્યાં તને પ્રયોજન ભાસે છે ત્યાં તારી બુદ્ધિ સૂક્ષ્મપણે કામ કરે જ છે, તીક્ષ્ણપણે કામ કરે જ છે. પણ અહીંયા તને પ્રયોજન ભાસ્યું નથી. એટલે તું વાતને છોડી દેવા – અરુચિથી છોડી દેવા માગે છો એટલે કહે છે કે અમારી એવી બુદ્ધિ નથી. એવી બુદ્ધિ નથી અમારી પાસે તીક્ષ્ણ બુદ્ધિ નથી, અમે તો રહ્યાં જાડી બુદ્ધિના. ખોટી વાત છે.

**'તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** તીક્ષ્ણ બુદ્ધિનો અર્થ બે રીતે થાય છે. એક જેને સૂક્ષ્મતા હોય એને તીક્ષ્ણપણું કહેવામાં આવે છે. નથી કહેતા કે આ તીક્ષ્ણ અણીવાળું હથિયાર છે. કાંટો હોય છે. એને પણ તીક્ષ્ણતા કહે છે. અને એક ઉગ્રતા હોય. જેમાં સૂક્ષ્મતા ઉપરાંત ઉગ્રતા હોય. બન્ને સાથે હોય. ધારદારપણું હોય. તીક્ષ્ણ ધાર. એ પણ આની અંદર લેવું છે. બુદ્ધિ સૂક્ષ્મ છે અને જોરથી કાર્ય કરવાનું જેનું વલણ છે, બે વાત સાથે છે. એ પુરુષાર્થનો પ્રકાર છે. પુરુષાર્થનો ભાવ છે, અને પેલો છે સૂક્ષ્મતાનો ભાવ છે. બન્ને આ કાર્યની અંદર સાથે હોય છે. એવો એક શબ્દ વાપર્યો છે, આ જ પ્રકારે શબ્દ વાપર્યો છે. તીક્ષ્ણ બુદ્ધિ. 'નિયમસાર'માં. 'નિયમસાર' ૩૮ ગાથા.

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.'** આવા શબ્દ પડ્યા છે.'નિયમસાર'ની ૩૮ ગાથાની 'પદ્મપ્રભમલધારીદેવ' ની ટીકા છે. **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.' જુઓ ! એનો અર્થ શું થાય છે ? કે પોતાના સ્વદ્રવ્યની ઉપાદેયતામાં કોણ આવી શકે છે ? કે જેને સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ છે તે. સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ હોય તેને જ પોતાના સ્વદ્રવ્યની ઉપાસના, આત્માની ઉપાસના થઈ શકે અને બીજાને આત્માની ઉપાસના થતી નથી. આ શબ્દ અહીંયા એમણે વાપર્યો છે. 'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.' અને એ સિવાયનાને આત્મા ઉપાદેય નથી. કેમકે અહીંયાં પરિણામ રહિત, ચારેય પ્રકારના ભાવ રહિત સૂક્ષ્મ

સ્વભાવરૂપ પરમ પારિણામિકભાવ જે ખરેખર આત્મા એ આત્માને ગ્રહણ કરવો છે કે આવું મારું સ્વરૂપ છે. એ તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ થાય છે. નથી કહેતા ? કે આ માણસની હીરામાં બહુ સારી નજર પડે છે. એટલા સમયથી અનુભવ નથી, ભલે બીજા કોઈ પચાસ પચાસ વર્ષના ઝવેરીઓ હોય ધંધાની અંદર અને કોઈ પાંચ વર્ષની અંદર તૈયાર થયો હોય પણ એવી નજર પડે કે પચાસ વર્ષવાળાની નજર ન પડે એવી પાંચ વર્ષમાં નજર પડે. એનો અર્થ શું થાય છે ? કે એ વિષયમાં એની તીક્ષ્ણ બુદ્ધિ છે. આખી જિંદગી ડોક્ટરી કરી હોય એની નજર ન પડે અને પાંચ સાત વર્ષથી પ્રૅક્ટિસ કરતો હોય એની નજર પડે. એની તીક્ષ્ણ બુદ્ધિ છે એ વિષયની અંદર.

દરેક વિષયમાં જે જે વિષયમાં જે જીવ રસ લે છે, એનો અર્થ શું થાય છે ? નિષ્ણાત થાય છે, તે તે વિષયમાં જીવ નિષ્ણાત થાય છે. ડોક્ટર ફારુક આવેલાને ? પહેલા વહેલા બોલાવ્યા. નજર પડે એને પૂછ્યું ડોક્ટર બહુ નાની ઉંમર, તે દી તેવીસ વર્ષની ઉંમર હતી પહેલા વહેલા આવ્યા ત્યારે. તેવીસ વર્ષની ઉંમર ને ઘણું તમે તો આગળ વધી ગયા છો. શું કારણ છે ? એણે સીધે સીધી વાત કરી કે ઈ તો જે વિષયમાં આપણે રસ લઈએ એ વિષયમાં આપણે ઍક્સપર્ટ થઈ જઈએ છીએ. સીધી વાત છે. જે માણસ જે વિષયમાં ઘણો રસ લે એ વિષયનો એ નિષ્ણાંત થાય એ બહુ સ્વાભાવિક વાત છે.

આ વિષયમાં આત્મદ્રવ્યની ઉપાસના કરવામાં અહીંયા મુનિરાજ એમ કહે છે કે તીક્ષ્ણ બુદ્ધિ છે તેને તે ઉપાદેય છે. એનો અર્થ શું છે ? કે એમાં એણે રસ લીધો છે. ક્યારે એને તીક્ષ્ણ બુદ્ધિ થઈ ? કે એમાં રસ લીધો ત્યારે. અથવા પોતાના આત્માને તીક્ષ્ણ બુદ્ધિથી ઉપાસના નથી થતી એનું કારણ શું ? કે એ વિષયમાં આ જીવ રસ લેતો નથી. સીધી વાત છે. રસ વગરનો છે ? કે બિલકુલ નહીં. જીવ રસ વગરનો નથી. એનો રસ આત્મા સિવાય બીજા વિષયમાં લાગેલો છે. જે એની રુચિનો વિષય હોય ત્યાં જીવનો રસ લાગે છે. રુચિના અને રસના પરિણામને અવિનાભાવી સંબંધ છે. એક હોય ત્યાં બીજું હોય, હોય ને હોય જ. એને અવિનાભાવી સંબંધ કહે છે. તો જ્યાં એની રુચિ છે ત્યાં એનો રસ છે. એ વિષયની અંદર એને સમજણ પડે છે, ખબર પડે છે, આવડત થાય છે. બધું હોય છે.

આત્મદ્રવ્યના વિષયમાં એનો રસ નથી એટલે એમાં એની તીક્ષ્ણ બુદ્ધિ થતી નથી, એને એ ઉપાદેય થતો નથી. તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ થાય તો એને એ ઉપાદેય થાય છે, એની ઉપાસના થાય છે અને એની ઉપાસના થાય તો એને જન્મ-મરણનું પરિભ્રમણ ટળવાનું કારણ ઊભું થાય છે, નહીંતર જન્મ-મરણ ટળવાનું કોઈ કારણ નથી. જન્મ-મરણ રહિત એવું જે સ્વઆત્મદ્રવ્ય એની ઉપાસનાથી જન્મ-મરણ ટળે છે. બીજી કોઈ રીતે જન્મ-મરણ ટળવાનો ત્રણકાળ ત્રણલોકમાં કોઈ ઉપાય નથી.

પ્રશ્ન : પરિભ્રમણ તો ટાળવું છે પણ શુભ-અશુભમાં રસ (આવી) જાય છે, તો શું કરવું ?

સમાધાન : રસ જાય છે એની પાછળ સુખબુદ્ધિ પડેલી છે. શુભમાં, અશુભમાં બન્ને જગ્યાએ જ્યાં જ્યાં રસ જાય છે ત્યાં સુખબુદ્ધિ જીવની પડેલી છે. વાસ્તવિકમાં ત્યાં સુખ છે કે નહીં એની તપાસ કરી નથી. વાસ્તવિક સુખ છે કે નહીં એની તપાસ કરી નથી. એટલે એ તપાસ નહીં હોવાથી, સાચું જ્ઞાન નહીં હોવાથી, સાચી સમજણ નહીં હોવાથી અનાદિની જે સુખબુદ્ધિ પડી છે એ જ રીતે ચાલ્યો જાય છે. મનુષ્યકાળ તો સાગરમાં બિંદુ, સિંધુમાં બિંદુ જેવું છે. અનંતકાળ છે, અનાદિઅનંત કાળ છે. જીવનો ક્યારેય નાશ થતો નથી, મનુષ્યપણું તો બહુ થોડો કાળ છે. એની અંદર ઉલઝી ઉલઝીને સંયોગમાં પડે અને આત્માની તીક્ષ્ણ બુદ્ધિથી એના સ્વદ્રવ્યની ઉપાસના ન કરે તો જન્મ-મરણ ટળે નહીં.

પ્રશ્ન : ક્યાં જાય ?

સમાધાન : જાય પાછો... મોટા ભાગે નિગોદમાં રહે છે. બે હજાર સાગર પણ સમુદ્રમાં બિંદુ સમાન છે. બે હજાર સાગર કે એથી ઓછો કાળ એ પણ અનંતકાળમાં તો કાંઈ નથી. કેમ કે ઈ બે હજાર સાગર એ ગણનાનો કાળ-સંખ્યાત કાળ થયો. પેલો તો અનંત છે, એમ કહે

છે. નિગોદનો કાળ તો અનંત છે.

મુમુક્ષુ : સ્થિતિ પરિપાક થાય પછી...

પૂજ્ય ભાઈશ્રી : સ્થિતિ પરિપાક થવી ઈ કોના હાથની વાત છે ? કોઈ બીજા ઈશ્વર કરી દે છે ? કોઈ પરમેશ્વરના હાથની વાત છે ? કે બીજાના હાથની વાત છે કે પોતાના હાથની વાત છે ?

ભગવાન તો એમ કહે છે કે તને જન્મ-મરણ પરિભ્રમણ ટાળવાની ભાવના થઈ- તીવ્ર ભાવના, જીવને કલ્યાણની સામાન્ય ભાવના તો અનેકવાર થઈ છે, પણ તીવ્ર ભાવના થઈ તો એ જ તારી સ્થિતિનો પરિપાક છે. બીજી કોઈ વાત નથી. સ્થિતિ પરિપાક એટલે બીજી વાત નથી. પણ તને ભાવના નથી થતી તો તારી સ્થિતિ પાકી નથી એવું જ્ઞાન કર. એ જ્ઞાન કરીને એનું ફળ વિચાર. એ ફળનો જો તને કાંઈ ભય લાગતો હોય,... થોડી પ્રતિકૂળતાનો તને ભય લાગે છે અને એના માટે આખો દિવસ હેરાન થા છો. તો હવે અનંતી પ્રતિકૂળતા આવશે. એનો જો ભય તને ન લાગતો હોય તો મોટો ભડવીર તું કહેવાવો જોઈએ, મોટો બહાદુર કહેવાવો જોઈએ કે તને કોઈ ભય નથી. સંસારનો ભડવીર છો. તો પછી બીજો તો કોઈ ઉપાય નથી. અને જો તને એમ લાગે કે આ સ્થિતિ મને મંજૂર નથી તો તને જે તારી સ્થિતિ સુધારવાની તીવ્ર (ભાવના) થાય એ જ તારો પરિપાક છે. એને ભવિતવ્યતા પાકી, આસનભવ્ય થયો એમ કહેવામાં આવે છે. એ કોઈ બીજી ચીજ નથી.

પાત્રતાથી વસ્તુ પમાય છે, ધર્મ પમાય છે. પાત્રતા એ બીજી કોઈ ચીજ નથી પણ પોતાને પોતાના કલ્યાણ કરવાની તીવ્ર ભાવના-આ એક જ પાત્રતા છે. આ પાત્રતાનું ચિહ્ન છે. ભાવના મોટી વાત છે. એ તો આપણે ચાલે છે, બહુ વિષય ચાલે છે. એ ભાવના એ પોતે જ પાત્રતાનું સઙ્ઙમાં સઙ્ઙ ભૂમિકાનું લક્ષણ છે. ભાવનામાં આવ્યો એ પાત્ર થયો. એ પામ્યા વગર રહે નહીં. જન્મ-મરણ ટળ્યા વગર રહે નહીં. પરિભ્રમણ એનું ટળે જ ટળે.

કહે છે કે **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** સૌથી પહેલું કામ ઓળખવાનું છે – નિર્ણય કરવાનું છે. સામાન્ય સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞપણે જે સદાય પ્રકાશમાન છે. જ્ઞાયકપણાથી જે સદાય પ્રકાશમાન છે, ક્યારેય પણ પ્રકાશતો નથી એવું નથી. એને તું બીજાથી જુદો પડીને ભેદજ્ઞાન કરીને ઓળખી લે.

**'જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું...'** ઓળખાણ થઈને આવું સ્વભાવ સ્વરૂપ દ્રવ્ય, મૂળ સ્વરૂપ. દ્રવ્ય એટલે આત્માનું મૂળ સ્વરૂપ લેવું, મૂળ સ્વભાવ લેવો, જો તારા હાથમાં આવી ગયું એટલે તને જ્ઞાનમાં ઓળખાણ થઈ ગઈ કે આવો હું છું, **'તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'** સહેજે સહેજે રમતમાત્રમાં, લીલામાત્રમાં. કેમકે એમ થવાનો તારો સ્વભાવ છે. મુક્તદશા પ્રગટ થવી એ પણ તારો સ્વભાવ છે. જ્યારે તું તારા સ્વદ્રવ્યને ઓળખીશ ત્યારે તને એમ પણ ઓળખાણ થશે કે સમ્યક્દર્શન થવું એ પણ મારો સ્વભાવ છે, વીતરાગતા થવી એ પણ મારો સ્વભાવ છે, પૂર્ણ મુક્તદશા થવી એ મારો જ સ્વભાવ છે. એ ક્યાંય બહારથી લાવવાની ચીજ નથી, એ તો મારો સ્વભાવ છે. મારા સ્વભાવમાં રહું એટલે મુક્તિ જ છે. મારા સ્વભાવની બહાર જઉં એટલે બંધન છે. મુક્તિ ને બંધનનો બીજો કોઈ એની અંદર હિસાબ-કીતાબ લાંબો છે નહીં. જેટલો સ્વદ્રવ્યથી બહાર નીકળ્યો એટલો પરદ્રવ્યને વિશે, પરવસ્તુને વિશે બંધાણો પ્રતિબદ્ધ થયો. જેટલો સ્વદ્રવ્યમાં સમાઈ ગયો એટલો અપ્રતિબદ્ધ થયો, એટલો મુક્તભાવ (થયો). અંશે મુક્તભાવ (પ્રગટ થયો) એ પૂર્ણ મુક્તિનું કારણ છે.

સહેજે લીધું છે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. મુક્તિની પર્યાય એ કોઈ મોટો હાવ નથી. 'ગુરુદેવ'ને સાંભળ્યા પહેલા ને સાંભળ્યા પછીની પરિસ્થિતિની તુલના કરતાં 'સોગાનીજી' એક પત્રની અંદર લખે છે કે મોક્ષ તો એમ લાગતું હતું કે અરે ! અમારા જેવા પામર મનુષ્યને મોક્ષ ક્યાંથી મળે. એ તો કોઈ જંગલમાં વસનારા યોગીઓનું અને ઋષિ મુનિઓનું કામ છે. મોક્ષ તો એવી મોટી ચીજ લાગતી હતી કે અશક્ય

**(અનુસંધાન પાના નં ૧૪ પર.. )**

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી દ્વારા લિખિત ભક્તિમય પત્ર (બહેનશ્રીની સાધના અને વાણી)

.......!

...પંચાધ્યાયી વિષે શું કરવું તે જોવાય છે. અનુભવપ્રકાશના આખા પુસ્તકમાં 'અનુભવ જ' હોવા યોગ્ય છે. 'અનુભવ' વાંચતાં, સાંભળતાં પ્રશસ્ત ઉલ્લાસ આવી જવા યોગ્ય છે ને આત્મપરિણતિને લાભ થવા યોગ્ય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની વાણી અદ્‌ભુત, સૂક્ષ્મ ને ઊંડા રહસ્યોથી ભરેલી છે. ગુરુદેવ આ ભરતખંડમાં અદ્વિતીય રત્ન જાગ્યા છે-જેમના દિવ્ય ચૈતન્ય વડે અને જેમની દિવ્ય વાણી વડે આ ભરતક્ષેત્રમાં ઘણા ઘણા જીવોનો ઉદ્ધાર થયો છે. જેમણે, પોતે ઉગ્ર પુરુષાર્થ વડે અપૂર્વ તત્ત્વને સ્વયં જાતે પ્રગટ કરી, હિન્દુસ્તાનના ઊંઘતા જીવોને જાગ્રત કર્યા છે. હિન્દુસ્તાનમાં, છુપાયેલા આત્મતત્ત્વને પોતે પ્રગટ કરી, અગણિત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા આપણા ગુરુદેવનાં ચરણકમળમાં વારંવાર પરમ ભક્તિથી નમસ્કાર, નમસ્કાર.

આંગણે બિરાજતા આવા આપણા ગુરુદેવની સમીપપણે મન-વચન-કાયાએ કરી ચરણસેવા નિરંતર હો, નિરંતર હો.

ચૈતન્યસ્વરૂપની વૃદ્ધિ કરાવનાર, જીવનની સફળતા કરાવનાર, પરમ ઉપકારી વહાલા ગુરુદેવની તદ્દન સમીપતા હો. હવે તો વિરહ સહન થતો નથી.

મહાભાગ્યે આવા ગુણસમૂહ જ્ઞાનમૂર્તિ શાન્તિદાતા ગુરુદેવ સાંપડ્યા છે. ધન્ય છે આ ક્ષેત્રને, ધન્ય છે આ દેશને!

લિ.
દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર

*

**(પાના નં ૧૩ થી આગળ... )**

અને અસંભવ લાગતો હતો. પછી 'ગુરુદેવ'નો ઉપકાર ગાતા ગાતા બધી વાત કરે છે. પણ હે ભગવાન ! આપને સાંભળતા, ભગવાન હૂં, ભગવાન હૂં, ઐસી વાણી આપકી સુનતે હુએ મોક્ષ ઈતના સહજ ઔર આસાન હૈ,.. હિન્દીમાં પત્ર છે ને બધા. બાદમેં પતા ચલા. જબ આપકો સુના, આપકી વાણી સુની, બાદમે પતા ચલા કિ મોક્ષ તો ઈતના આસાન હૈ. મોક્ષ આટલો બધો સહેલો છે, સહેજે મળી જાય એવી ચીજ છે, એ તો આપને સાંભળ્યા પછી ખબર પડી. ખબર પડી એટલે ખરેખર ખબર પડી હતી. ખાલી માહિતી મળી એમ નહીં પણ પોતે મોક્ષદશાની નજીક છે એવા પૂર્ણ મુક્ત સ્વરૂપ આત્માના અનુભવમાં આવ્યા. અને અનુભવમાં આવ્યા એટલે મોક્ષ હવે થઈ જશે એવી પ્રતીતિ થઈ ગઈ, ખાતરી થઈ ગઈ. એટલે એમ થયું કે અરે ! મોક્ષ આટલો બધો સહેલો છે ! આ તો ભગવાન તમારી વાણીનું કામ છે, મારું કામ નથી. આ તમારી વાણીનું કામ છે. કેમકે પહેલા પણ હું હતો ને અત્યારે હું જ છું પણ આ તમારી વાણી મળતા આમ થઈ ગયું. એમ કરીને વિશેષ પણે ઉપકાર ગાયો છે. (અહીં સુધી રાખીએ)....



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘આત્માની રુચિ’ સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(આત્મા માટે) રુચિની આવશ્યકતા જોઈએ. દરકાર હોવી જોઈએ. (વિકલ્પોથી) થાક લાગવો જોઈએ. તીવ્ર પ્યાસ લાગે તો શોધે જ. (૮૫)

*

પ્રશ્ન : રુચિ વધતાં વધતાં વસ્તુની મહિમા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે ?

ઉત્તર : રુચિ વધે છે, એવા (પર્યાયના) લક્ષમાં પણ પર્યાયમાં મહત્તા થાય છે, તેમાં (પર્યાયમાં) હુંપણું દેખાય છે, તેથી ત્રિકાળીમાં જામી શકાતું નથી. તે તો વિકલ્પવાળી રુચિ છે. હું તો પરિણામ માત્રથી ભિન્ન છું એવા ત્રિકાળીનો અનુભવ આવવો તે જ અભેદની રુચિ છે. (૮૭)

*

પ્રશ્ન : રુચિ કેમ થતી નથી ?

ઉત્તર : જરૂરિયાત દેખાય તો અંદરમાં આવ્યા વિના રહે જ નહિ. સાંભળે છે (તેમાં) પ્રસન્નતા આદિ થાય છે પરંતુ સુખની જરૂરત હોય તો અંદરમાં આવે. જરૂરત ન હોય તો ત્યાં (પ્રસન્નતા આદિમાં) જ ઠીક માને. લાભ છે, નુકસાન તો નથી ને ! (એવો ભાવ રહી જાય છે.) (૧૧૭)

*

યથાર્થ રુચિ હોય તો કાળ લાગે જ નહિ. રાત-દિવસ, ખાતાં-પીતાં સૂતાં તેની જ પાછળ પડે. (૨૩૯)

*

જેટલી ધગશ ઉગ્ર... તેટલું કાર્ય જલદી થાય છે. (૩૧૧)

*

(સ્વરૂપની) એવી રુચિ હોવી જોઈએ કે તેના વિના એક ક્ષણ પણ ચેન ન પડે. (૩૩૧)

*

ખરેખર તીવ્ર રુચિ હોય તો ત્રિકાળી દળમાં જ જામી જાય; આડી-અવળી (વાત) ગમે જ નહિ, (વ્યવહારના વિકલ્પમાં રોકાય જ નહિ,) યોગ્યતા ઉપર છોડી દે, ત્યાં જોર (પુરુષાર્થ) રહે જ નહિ; દ્રષ્ટિના વિષયમાં જ જોર રહે. (આડી-અવળીનો વિકલ્પ રહ્યા કરતો હોય તે સ્વરૂપની અરુચિના પરિણામનો દ્યોતક છે. સ્વરૂપની તીવ્ર રુચિમાં અન્ય વિકલ્પ રુચતા નથી.) (૪૧૦)

*

(ચર્ચા સાંભળવાવાળાઓ પ્રત્યે) બધાને લગની તો સારી છે પરંતુ યથાર્થ લગની લાગે તો હર સમય આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલતું રહે (- તેમાં) ગમે તેટલો સમય થાય પણ ખબર જ ન પડે. રુચિનું સ્વરૂપ જ એવું છે કે - જ્યાં લાગે ત્યાં કાળ (સમય) દેખે જ નહિ. (૪૧૮)

*



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને સ્વાનુભૂતિ થઈ તે પહેલાંની અંતરંગ દશા

પ્રશ્ન :- નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી મુનિએ અને ૧૧ અંગના શાસ્ત્રપાઠીએ જે તત્ત્વ ન પકડ્યું તે આપે બાળવયે અતિ સુલભપણે પ્રાપ્ત કરી લીધું અને સ્વાનુભવથી જૈનદર્શનની યથાર્થતા નક્કી કરીને અમૂલ્ય ચૈતન્ય-ચિંતામણિ સાધી લીધું. આ ક્ષેત્રે વર્તમાનકાળે જે અનેક-અનેક જીવરાશિ છે તેમાં આપ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે આ અતિ ગૂઢ રહસ્ય ઉકેલી શક્યાં છો. આવા એક મહાપુરુષ આપ અમારી સામે બિરાજો છો. તો આપે કઈ વિધિએ ને કઈ વિદ્યાથી આ રહસ્ય ઉકેલ્યું? અને આ ચિંતામણિ હાથ આવતાં આપની ઊર્મિઓ કેવી હતી?

સમાધાન :- ૧૧ અંગ ભણ્યો પણ અંદર શું છે? તે જાણવાનો પ્રયત્ન કર્યો નહિ. જીવ અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, ૧૧ અંગ ભણ્યો – એવું બધું તો અનંતવાર કર્યું છે. પણ ચૈતન્યતત્ત્વનો સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી.

આ તો ગુરુદેવનો પ્રતાપ છે. ગુરુદેવે આ માર્ગ પ્રકાશ્યો કે કાંઈક તત્ત્વ જુદું છે. અંદર સ્વાનુભૂતિ થાય છે, તે સ્વાનુભૂતિમાં મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો અને બધું શ્રવણ કરતાં અંતરમાં એમ થઈ ગયું કે આ જ કરવા જેવું છે. આ મનુષ્યભવની અંદર આ એક મુખ્ય તત્ત્વની સ્વાનુભૂતિ પ્રાપ્ત ન થઈ તો આ બધું મળ્યું અને આ મનુષ્યભવ મળ્યો તે નકામો છે. આમ અંદરથી ભાવના થઈ કે આ જ કરવા જેવું છે, બીજું કાંઈ કરવા જેવું નથી. એક અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ કરવા જેવી છે.

આ જ કરવા જેવું છે એમ વારંવાર તેનો વિચાર, તેનું મંથન કરી કરીને અંતરમાંથી નક્કી કર્યું હતું કે આ ગુરુદેવે બતાવ્યો તે માર્ગ જ સાચો છે. અનેક પ્રકારના માર્ગની અંદર અનેક જાતની વાતો બધા કરી રહ્યા છે, તે બધું ખોટું છે. એક ગુરુદેવ બતાવે છે તે જ માર્ગ સાચો છે. કોઈ કહે કે અનેક પ્રકારના માર્ગ છે તેમાં આ માર્ગ કઈ રીતે સાચો છે? એ તો પોતે અંદરથી પુરુષાર્થ વડે નક્કી કરી શકે છે કે આ સાચું છે.

અંગત તો શું કહેવું? તેનો પુરુષાર્થ, તેનું મંથન, વારંવાર તેની લગની લાગે, કે એક જ–આ જ–પ્રાપ્ત કરવા જેવું છે. વારંવાર તે જાતનું ચિંતવન-મનન દિવસ અને રાત ચાલ્યા કરે, તેના વગર ચેન પડે નહિ, તેના વગર શાંતિ થાય નહિ. કેટલાક કલાકો સુધી બસ તેનું ધ્યાન, તેનું મનન-બધું તેનું તે ચાલતું હતું. તેમાં ગુરુદેવના પ્રતાપે (સમ્યક્ત્વ) પ્રગટ થઈ ગયું. ગુરુદેવનો કોઈ પ્રતાપ અને ઉપાદાન-નિમિત્તનો તેવો મેળ થઈ ગયો. તેમાં કોઈ જાતની ઉંમર કે બીજું કાંઈ લાગુ પડતું નથી. અંતરમાંથી ભેદજ્ઞાનની ધારા અને પુરુષાર્થ એવી રીતે પ્રગટ થયો.

રાત્રે જાગતાં-સૂતાં, સ્વપ્નમાં બસ એક જ વાત, તેની જ લગની હતી, બીજી કોઈ લગની ન હતી. થોડો ટાઈમ જાય તો એમ થાય કે હજી કેમ થતું નથી ? હજી શું પરિભ્રમણનું દુઃખ નથી લાગ્યું? આ શું નથી કરવું? એમ અંતરમાંથી એકદમ આત્માનો પોકાર આવતો હતો કે હજી કેમ તાલાવેલી નથી લાગતી? હજી શું પરિભ્રમણની રુચિ છે? હજી જન્મ-મરણની રુચિ છે? વિભાવની રુચિ છે? કેમ, ક્યાં અટકી રહ્યો છે – એમ અંતરમાંથી–પોતાના આત્મામાંથી –

જ આવતું હતું. તેને લઈને પુરુષાર્થ એકદમ તીવ્ર થઈ જતો હતો. ગુરુદેવનો પ્રતાપ અને ઉપાદાન ભેગું થઈ ગયું.

કામકાજ થાય, આ થાય, તે થાય પણ એક જ જાતની લગની હતી કે આત્મા જુદો છે, ગમે તે કામ કરતાં એમ થાય કે આ શરીર અને આ અંદર વિકલ્પ આવે, તેમાં આત્મા ક્યાં છે? તેનાથી તો આત્મા જુદો છે. આ બધામાં આત્મા જુદો કેવી રીતે છે? તેના જ વિચારો આવ્યા કરતા. ખાતાં-ખાતાં એમ થાય કે આત્મા જુદો છે. દરેક ક્ષણે તે વિચારો ચાલ્યા કરતા હતા, આના આ વિચારો આવતા. કપડાં હાથમાં હોય અને વિચારો આવે, દરેક કાર્યોમાં વિચારો આવે કે આ જુદું – આ બધું જુદું, ને ચૈતન્ય જુદો. ક્ષણે-ક્ષણે આનું આ રટણ રહ્યા કરતું હતું. તેના જોરમાં ત્રણ ત્રણ કલાક એમ ને એમ ધ્યાનમાં બેસી રહેતી હતી. કેમ હજી પ્રાપ્ત થતું નથી? એમ તેના ને તેના વિચોરોમાં, તેની ને તેની એકાગ્રતામાં અને તેના ને તેના ધ્યાનમાં રહેતી. આ પ્રાપ્ત થયા વગર અંદરમાંથી સુખ અને શાંતિ થવાની નથી, એમ રહ્યા કરતું હતું.

(સ્વાનુભૂતિદર્શન-૧૫૬)

*

પ્રશ્ન :- પૂર્વભવનું કારણ હશે?

સમાધાન :- પૂર્વભવનું કારણ અને વર્તમાન પોતાની યોગ્યતા. પૂર્વે સાંભળ્યું હોય તે પણ કારણ હોય અને વર્તમાન પોતાનો પુરુષાર્થ પણ કારણ હોય. ગુરુદેવ પાસેથી માર્ગ સાંભળ્યો અને વર્તમાન પોતાનો પુરુષાર્થ થયો એની સાથે પૂર્વની યોગ્યતા-સંસ્કાર પણ કારણ હોય.

જ્યારે જીવ તૈયારી કરે છે ત્યારે તે નવું જ હોય છે. ગયા કાળે તૈયારી થઈ હોય તો તે સમયે નવું હતું. માટે પૂર્વના સંસ્કારને મુખ્ય ન કરવા. (સ્વાનુભૂતિદર્શન-૧૫૭)

*


પ્રશ્ન :- આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.

સમાધાન :- આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી. એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી? શં મારા નિર્ણયમાં ખામી છે? છે શું? એમ વિચારો આવે. આ જ કરવા જેવું છે એમ ભાવના હતી ને ! એટલે એવા જ વિચારો આવ્યા કરતા હતા. હજી કેમ પુરુષાર્થ ઊપડતો નથી? શું હજી ક્યાંક રુચિ છે? હજી કેમ અરેરાટી થતી નથી? એવા વિચારો પુરુષાર્થની તીવ્રતા માટે આવ્યા જ કરતા હતા.

ગુરુદેવ કહેતા હતા કે સ્વાનુભૂતિમાં પેલીપાર આત્મા બિરાજે છે, નિર્વિકલ્પ દશા બધાથી જુદી છે. જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ, છતાં પણ ગુરુદેવ નિર્વિકલ્પ દશાને સ્વાનુભૂતિ કહે છે અને તે મુક્તિનો માર્ગ છે; તથા આત્મા જુદો છે તેમ કહે છે. એવી જાતનું પકડાણું હતું.

બધું (કરાંચી) છોડ્યું, હવે શું કરવાનું છે? જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. અંતરમાં જે વિકલ્પની માળા છે તે પણ આકુળતા છે, તેનાથી છૂટવું તે જ ખરો માર્ગ છે. આ જે વિભાવની એક પછી એક ઘટમાળ ચાલે છે તેનાથી આત્મા જુદો છે, તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે. આ બધાથી (અન્યમતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી એમ નક્કી થઈ ગયું કે આ જ માર્ગ છે, ગુરુદેવે કહ્યું તે આ જ છે. (સ્વાનુભૂતિદર્શન-૧૫૮)

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૫૩

મુંબઈ, ચૈત્ર સુદ ૧૨, શુક્ર, ૧૯૪૮

ૐ

મુમુક્ષુતાપૂર્વક લખેલું તમ વગેરેનું પત્ર પહોંચ્યું છે.

સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતું એવું જે આત્માકાર મન તે વર્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે; અને જે કોઈ પણ પ્રકારે વર્તાય છે, તેનું કારણ પૂર્વે નિબંધન કરવામાં આવેલો એ ઉદય છે. તે ઉદયને વિષે પ્રીતિ પણ નથી, અને અપ્રીતિ પણ નથી. સમતા છે; કરવા યોગ્ય પણ એમ જ છે. પત્ર લક્ષમાં છે.

યથાયોગ્ય.

*

### પત્રાંક - ૩૫૪

મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, રવિ, ૧૯૪૮

સમકિતની ફરસના થઈ ક્યારે ગણાય ? કેવી દશા વર્તતી હોય ? એ વિષેનો અનુભવ કરીને લખશો.

સંસારી ઉપાધિનું જેમ થતું હોય તેમ થવા દેવું, કર્ત્તવ્ય એ જ છે, અભિપ્રાય એ જ રહ્યા કરે છે. ધીરજથી ઉદયને વેદવો યોગ્ય છે.

*

### પત્રાંક - ૩૫૫

મુંબઈ, ચૈત્ર વદ ૧, બુધ, ૧૯૪૮

સમ્યક્ત્વ ફરસવા સંબંધમાં વિશેષપણે લખવાનું બને તો કરશો.

લખેલો ઉત્તર સત્ય છે.

પ્રતિબંધપણું દુઃખદાયક છે, એ જ વિજ્ઞાપન.

સ્વરૂપસ્થ યથાયોગ્ય.

*

### પત્રાંક - ૩૫૬

મુંબઈ, ચૈત્ર વદિ ૧, બુધ, ૧૯૪૮


આત્મસમાધિપૂર્વક યોગઉપાધિ રહ્યા કરે છે; જે પ્રતિબંધને લીધે હાલ તો કંઈ ઇચ્છિત કરી શકાતું નથી.

આવા જ હેતુએ કરીને શ્રી ઋષભાદિ જ્ઞાનીઓએ શરીરાદિ પ્રવર્તનાના ભાનનો પણ ત્યાગ કર્યો હતો.

સમસ્થિતભાવ.

*

‘પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન’ની ૧૧૦મી જન્મ જયંતિની ખુશાલીમાં ‘વચનામૃત રહસ્ય’ જિજ્ઞાસુઓને ટ્રસ્ટ દ્વારા ભેંટ મોકલવામાં આવશે.




## પુસ્તક પરિચય

‘પૂજ્ય ગુરુદેવશ્રી’ દ્વારા ‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર નૈરોબીમાં થયેલ ભાવવાહી પ્રવચનોનું શબ્દશઃ પ્રકાશન


- સંપર્ક -

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

angel process 9374825041